**ફો.કે.નં.૧૧૮૯૮/૧૭**

// આંક–૧ લગત હુકમ //

(૧) હાલના કામે આરોપી સામે **ઈ.પી.કો.કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪** હેઠળ ચાર્જશીટ કરવામાં આવેલ છે. હાલનો કેસ આશરે **બે વર્ષ** જુનો છે. આરોપીને વોરંટની બજવણી થઈ શકે તેમ નથી. આરોપી મળી આવતાં નથી. આરોપીનું વોરંટ વગર બજે પરત છે. કેસ બહુ જુનો છે. હાલનો કેસ સરકારશ્રીનો છે. આરોપીને હાજર રખાવવા અંગે કોઈ કાર્યવાહી કરવા સરકાર પક્ષે કાર્યવાહી કરેલ નથી. સી.આર.પી.સી. કલમ ૨૫૮ ધ્યાને લેવામાં આવે તો કેટલાંક પ્રસંગોમાં કાર્યવાહી બંધ કરવા અંગેની છે. હાલની જોગવાઈ છે તે સમન્સ કેસને લાગુ પડે છે. કોર્ટ છે તે યોગ્ય લેખિત કારણો નોંધી આરોપી સામેની કાર્યવાહી બંધ કરી શકે છે.

(૨) સી.આર.પી.સી. કલમ ૨૫૮ની જોગવાઈ મુજબ ફરીયાદ સિવાયના કેસમાં લેખિત કારણો નોંધીને ફેંસલો સંભળાવ્યા વગર કાર્યવાહી બંધ કરી શકાય છે. હાલના કેસમાં આરોપી મળી આવતાં નથી. કેસ જુનો છે. સરકાર પક્ષે આરોપીનું નવું સરનામું રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપી સામેનો હાલનો કેસ સ્ટોપ પ્રોસિડિંગ્સ એટલે કે પ્રોસિડિંગ્સ બંધ કરવામાં આવે છે. આરોપીનું નવું સરનામું રજુ કર્યેથી તથા ભવષ્યિમાં સરકાર પક્ષે આરોપી સામે આગળ કાર્યવાહી કરવામાં હાલના હુકમનો કોઈ બાધ રહેશે નહીં. આરોપી સામે પ્રોસીડિંગ્સ બંધ કરી હાલનો કેસ સી.આર.પી.સી.કલમ ૨૫૮ મુજબ આજ રોજ લોક અદાલતમાં આથી ફેંસલ કરવામાં આવે છે.

તારીખ:૧૩/૦૭/૨૦૧૯

વડોદરા.

(એમ.વાય.વ્યાસ)
૨૭મા એડિ. ચીફ જયુડી.મેજી.,વડોદરા.
કોડ નં.જી.જે.૧૦૯૨